# NCERT ના પાઠ્યપુસ્તકોનો અમલ - આત્મઘાતી પગલું

સમાજના કેટલાંક ખૂબ જ ઓછા વાલીઓની માંગણીને ધ્યાને લઈને સરકાર પ્રાથમિક શાળાથી લઈને ઉચ્ચતર માધ્યમિક શાળા સુધી NCERTના પાઠ્યપુસ્તકો કેટલાંક વિષયોના દાખલ કરવા માંગે છે. ત્યારે કહેવાનું મન થાય કે આ નિર્ણય લેવડાવનારમાંથી કેટલા શિક્ષણવિદ હતા ? કેટલા મનોવિજ્ઞાની હતા ? શિક્ષકોને પૂછવામાં આવ્યું હતું ? ના. આ નિર્ણય ગુજરાતના વિદ્યાર્થીઓનું અહિત કરનારો, એક પક્ષીય નિર્ણય છે. આવો અગત્યનો મત લેતાં પહેલાં સમાજમાં અને શિક્ષણમાં શાળાઓમાં ચર્ચા થવી જોઈએ.

ગુજરાતમાં NCERTના પાઠ્યપુસ્તકો દાખલ કરવાનું કારણ શું? NCERTના પાઠ્યપુસ્તકો મોટાભાગે સી.બી.એસ.સી.ની શાળાઓમાં ચાલે છે. કારણકે, તે શાળાઓ ખોલવા પાછળનો મુખ્ય ઉદેશ સરકારી કર્મચારીઓ બદલી પામીને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જાય તો તેમના બાળકને સમાન પ્રકારનો અભ્યાસક્રમ મળી રહે. માટે જ માધ્યમ પણ પ્રાદેશિક ન રાખતાં અંગ્રેજી રાખવામાં આવેલ છે. આપણી સરકાર જયારે NCERTના પાઠ્યપુસ્તકો દાખલ કરવા માંગે છે, ત્યારે તેનો ફાયદો ક્યાં વિદ્યાર્થીને અને કેટલા વિદ્યાર્થીને થશે? હા... મેડીકલમાં કે આઈ.આઈ.ટી.માં જવું હોય તો NCERTના પુસ્તકો ભણેલા હોય તો છેલ્લા સમયે તૈયારી કરવામાં વધુ અનુકૂળતા રહે છે. બાકીના અન્ય કોર્સમાં જવા માટે કોઈ જગ્યાએ એક સમાન મેરીટ નથી. આપણા રાજ્યમાં મેડીકલની સીટો કેટલી ? ૧૫૦૦૦ આસપાસ. આ વર્ષે પંદર હજાર સીટમાંથી ૧૨૦૦૦ જેટલી સીટો પર ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. એટલે કે NCERTના પાઠ્યપુસ્તકો ભણ્યા નથી છતાં ૮૦ ટકા જેટલા ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. ત્યારે NCERTના પાઠ્યપુસ્તક દાખલ કરવાથી બીજા કેટલા વધુ વિદ્યાર્થીને ફાયદો થશે ? માત્ર પંદર હજાર વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બાકીના સાત લાખ વિદ્યાર્થીને અન્યાય શા માટે ?

NCERTના પાઠ્યપુસ્તકો દાખલ કરવાથી શું નુકશાન જશે તે કોઈએ વિચાર્યું છે ? તેમાં પણ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વીસ લાખ બાળકોને તો નુકશાન જ છે. આ વીસ લાખમાંથી માત્ર ૧૫૦૦૦ જ મેડીકલમાં જવાના છે ને ? બાકીના ને મેડીકલમાં નથી જવું તો શા માટે તેઓને NCERTના પાઠ્યપુસ્તકો ભણાવવા જોઈએ. સરકાર ગુજરાતની કેટલીક શાળામાં NCERTના પાઠ્યપુસ્તકો માટે પાયલોટ પ્રોજેક્ટ કરી રહી છે, ત્યારે પૂછવાનું મન થાય કે, નમૂનામાં લીધેલી શાળાઓ ક્યાં માપદંડને આધારે લીધી છે ? ગ્રામ્ય વિસ્તારની કેટલી ? ૩૦ ટકા કરતાં ઓછું પરિણામ લાવનારી કેટલી ? જ્યાં પૂરતા શિક્ષકો નથી એવી કેટલી ? જંગલ-રણ વિસ્તારની કેટલી ? જે વાલીની આવક મધ્યમ કે ખૂબ જ ઓછી છે તેવા વાલી ધરાવતી શાળા કેટલી ? મિત્રો, ગુજરાતના મોટાભાગના વિદ્યાર્થીઓ ઉપર જણાવેલ પરિસ્થિતિ વશ છે. ત્યારે આ વિદ્યાર્થીને NCERTના પાઠ્યપુસ્તકો ભણાવવાથી કેટલો ફાયદો થશે ?

આજે આપણે સૌ કહીએ છીએ કે, બાળકને રસ હોય, રુચિ હોય તેવું ભણાવવું જોઈએ. ત્યારે પ્રશ્ન પૂછવાનું મન થાય કે, શું ગુજરાતના મોટાભાગના બાળકોના રસ-રુચિ જાણીને NCERTના પાઠ્યપુસ્તકો દાખલ કરવામાં આવે છે ? આપણે સૌ અત્યારે જેટલું ટેકનોલોજીને મહત્વ આપીએ છીએ તેનાથી અનેકગણું ઓછું મહત્વ મૂલ્યોને આપીએ છીએ. શું આપણા ગુજરાતના પાઠ્યપુસ્તકો એટલા નબળા છે કે જેનાથી શિક્ષણના હેતુઓ પૂર્ણ થઇ શકે તેમ નથી. ગણિતના ખૂબ જ ખ્યાતનામ શિક્ષકને આ સંદર્ભે પૂછ્યું તો જાણવા મળ્યું કે, ગણિતના NCERTના પાઠ્યપુસ્તકો કરતાં ગુજરાતના પાઠ્યપુસ્તકો ખૂબ જ સારા છે. કારણ એ છે કે આપણા પાઠ્યપુસ્તકોમાં સમજ ખૂબ જ સારી રીતે આપવામાં આવેલી છે. હકીકતમાં આપણા પાઠ્યપુસ્તકો ગુજરાતના તમામ વિદ્યાર્થી, શિક્ષકો, શાળાની સગવડતા,

વાલીની માન્યતા, વાતાવરણ જેવી અનેક બાબતોને ધ્યાનમાં રાખીને લખાય છે, ત્યારે આ પોતીકાપણું અન્ય બોર્ડના પુસ્તકોમાં ના જ આવે. પોતાનું તે પોતાનું અને પારકું તે પારકું. NCERTના પાઠ્યપુસ્તકો સમગ્ર ભારતના હોશિયાર વિદ્યાર્થીને ધ્યાનમાં  રાખીને લખાયા છે. જો કે એનો અર્થ એ પણ નથી કે, આપણા પુસ્તકો નબળાં વિદ્યાર્થી માટે છે. આમપણ આજના આપણા પાઠ્યપુસ્તકોમાં NCERTના ૯૦ ટકાથી વધુ મુદ્દા કે વિશ્ચવસ્તુનો સમાવેશ કરેલો જ છે. આપણે સૌ સાથે મળીને આપણી માતૃભાષાને મારી નાખવાનો પ્રયત્ન કરવા બેઠા છીએ, ત્યારે આપણા પાઠ્યપુસ્તકોને મારીને શા માટે વધુ એક પાપ કરવું છે?

મનોવિજ્ઞાનની રીતે વિચારીએ તો જ્યાં સુધી પરિપક્વતા ના આવી હોય ત્યારે તેની પરિપક્વતાથી અઘરૂં કામ સોંપવામાં આવે તો તે કામ કરનારને કંટાળો, અરુચિ આવે છે અને પરિણામમાં નિષ્ફળતા મળે છે. પરિપક્વતા એ શારીરિક અને માનસિક બંને હોય છે. આપણી પ્રાયમરી શાળામાં મોટાભાગના વિદ્યાર્થીઓ ગ્રામ્ય અને મધ્યમ છે. ભણવામાં અને આર્થિક બન્ને રીતે. ત્યારે તેમની પરિપક્વતા કરતા NCERTના પાઠ્યપુસ્તકો અઘરાં પડશે. જેથી પરિણામમાં નિષ્ફળતા મળશે જેની ગેરંટી.

સરકાર અને સમાજને જો ગુજરાતના વિદ્યાર્થીની ચિંતા થતી હોય તો કેટલાક સૂચનો. પ્રથમ તો તમામ વિદ્યાર્થીને એક લાકડીએ ન હાંકો. તેમની શકિત તેમના રસ પ્રમાણે તેમને વિષયો પસંદ કરવાની તક આપો. ધો.૧૦ પછી શાળા છોડી દેનાર, આર્ટ્સ, કોમર્સ જેવા પ્રવાહ લેનારને આજનું ગણિત કે વિજ્ઞાન કેટલું ઉપયોગી છે? હકીકતમાં તેમને જીવનમાં ઉપયોગી થાય તેવા વિષયો પસંદ કરવાની તક આપવા માટે વધુ વિકલ્પો આપો. ભૂતકાળની જેમ બે ગણિત અને બે વિજ્ઞાન ધો.૧૦માં  રાખવા જોઈએ. તેમના માટે અંગ્રેજી પણ સરળ બનાવવું જોઈએ. જેથી તેમના રસ મુજબનું ભણશે તો શાળાએ નિયમિત આવશે અને શાળા છોડી પણ નહી દે. નાપાસ થવાની શક્યતા ઘટી જશે. આગળ ભણવાનું ચાલુ રાખશે. આપણે શા માટે વિદ્યાર્થીઓને પસંદગીની તક આપતા નથી ? શા માટે ચોક્કસ વિષયો કે પાઠ્યપુસ્તક જ ભણવાની ફરજ પાડીને તેમના જીવનને બરબાદ કરીએ છીએ?  છતાં સરકાર કે સમાજને હોશિયાર વિદ્યાર્થીની જ ચિંતા હોય તો, NCERTના પાઠ્યપુસ્તકો ચલાવવા માટે દરેક તાલુકા કક્ષાએ એક-એક શાળા ખોલો. આખા ગુજરાતના વિદ્યાર્થીઓને બાનમાં શા માટે લેવા જોઈએ ? આપણા વિદ્યાર્થીઓ અને આપણી ગુજરાતી કહેવત યાદ કરો, કે ચાદર લાંબી હોય તેટલા જ પગ લાંબા કરાય. અને લાંબા જોડે ટૂંકો જાય તો મરે નહિ તો માંદો થાય. તો શું NCERTના પાઠ્યપુસ્તકો દાખલ કરતી વખતે ઉપરોક્ત કહેવતો ધ્યાનમાં રાખવી નાં જોઈએ? હકીકતમાં શાળામાં વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તેવા વિષયો, તેવી પ્રવૃત્તિઓ અને તેવા પાઠ્યપુસ્તકો હોવા જોઈએ. વિદ્યાર્થી બધી બાબતમાં નહિ તો કોઈ એક બાબતમાં વિશિષ્ટ કૌશલ્ય ધરાવતો હોવો જોઈએ. આ બાબત શું NCERTના પાઠ્યપુસ્તકોથી પૂર્ણ થશે ? આપણે શું ધ્યાનમાં રાખીને શું બદલાવ લાવવો જોઈએ. સમાજની માંગ પ્રમાણે પૂરવઠો પૂરો પાડવો જોઈએ. આવા નિર્ણયો લેવામાં શિક્ષકોને જ્યાં સુધી સામેલ નહિ કરાય ત્યાં સુધી માત્ર પ્રયોગો થતા રહેશે. બે-ચાર વર્ષ પછી પોતાના નિર્ણયને સાચો ઠેરવવાના હવાતિયાં મારીશું.

અંતે. મેડીકલમાં કે આઇઆઇટીમાં જવા માટે ખૂબ જ હોશિયારી જોઈએ. આવી હોશિયારી ધરાવતા વિદ્યાર્થી ગમે તે બોર્ડમાં હશે. તેઓ ધાર્યું પરિણામ લાવશે. હા...કદાચ નુકશાન થાય તો મેરીટમાં બોર્ડર પર રહેલા ૫૦-૧૦૦ વિદ્યાર્થીને. તો શું આ ૫૦-૧૦૦ વિદ્યાર્થીને કારણે NCERTના પાઠ્યપુસ્તકો દાખલ કરવા એ આત્મઘાતી પગલું નહિ બની રહે ? આવા નિર્ણય બોલકણા વાલીની ગાંધીનગર સુધીની રજૂઆતને કારણે લેવાતા હોય છે, જયારે સામાન્ય કે મધ્યમ વાલી ગાંધીનગર સુધીની રજૂઆતની કલ્પના પણ નથી કરી શકતો. ત્યારે સરકારે તેમના માબાપ બનીને તેમના પક્ષે નિર્ણય લેવા જોઈએ.